# પૂજ્ય લાલચંદભાઈના પ્રવચનો
# તત્ત્વ ચર્ચા તથા શ્રી સમયસાર
# ગાથા ૩૫૬-૩૬૫, અપોહક બોલ
# ગીરનાર, તા. ૧૯૮૯ પછી, પ્રવચન LA196

૧૯ માં બોલમાં આપણે.. મિથ્યાદ્રષ્ટિને જ્યારે ઉપદેશ આપવો હોયને ત્યારે આ જ રીતે અપાય. કેમકે તેને તો કર્તાબુધ્ધિ તો છે. હવે જ્ઞાનની પર્યાયની કર્તાબુધ્ધિ છે તે જ અજ્ઞાનની ક્રિયા એક પર્યાયની કર્તાબુધ્ધિ થઇ ગઈ. જે જ્ઞાનને કરે તે અજ્ઞાનને કરે ને? જે જ્ઞાનને જાણે તે અજ્ઞાનને જાણે, અજ્ઞાનને જાણે તે જ્ઞાનને જાણે. જાણે જાણે, કરે નહીં. આહાહા! શું આ માલ ભર્યો છે આમાં? જરા વિચાર કર્યો. આહાહા! શરૂ કરશું?

જ્ઞાનની પર્યાય સત્ છે. આ સમ્યગ્જ્ઞાનની વાત ચાલે છે. જ્ઞાનની પર્યાય સત્ છે. પોતે પોતાથી જ પ્રગટ થાય છે. સત્ હોય તે અહેતુક હોય. તે આવ્યું આમાં. અને સત્ હોય તે અકૃત્રિમ હોય. તે પણ આવ્યું. બે વાત આમાં આવી. અને જ્ઞાન "પરલક્ષ અભાવાત" અને "ચંચલતા રહિતમ". તે પણ આવ્યું. ત્રણ વાત આવી જ્ઞાનની પર્યાયની. જ્ઞાનની પર્યાય સત્ છે, સત્ છે માટે અહેતુક છે. અને પોતાથી થાય છે માટે અકૃત્રિમ છે. અને તે જ્ઞાનમાં પરલક્ષનો અભાવ છે. ત્રણ વાત સિધ્ધ કરી અને એક જ્ઞાનની પર્યાયને સત્ સિધ્ધ કરે છે.

તે તો તેનો સ્વભાવ છે પર્યાયનો. સત્ છે પોતાથી થાય છે. તે તો પર્યાયનો સ્વભાવ છે. પણ તેને જાણવું તે વ્યવહાર છે. તેને કરવું તે અજ્ઞાન અને જાણવું તે વ્યવહાર. તેને કરવું તેનો હું કર્તા છું તે અજ્ઞાનમાં જાય છે. કર્તાબુધ્ધિ થઈ. એને જાણવું તે વ્યવહાર છે. તો પછી એમ. તો પછી આત્માથી જ્ઞાન થાય છે, આત્મા જ્ઞાનને કરે છે તેમ માનવું (તે) તો અજ્ઞાન છે. આહાહા! સ્વયં થાય છે તેને જાણવું તે વ્યવહાર અને મારાથી જ્ઞાનની પર્યાય થઇ તેમ માનવું તે અજ્ઞાન. કેમકે તે સ્વયંકૃત ન રહી. જીવકૃત બનાવી તેને. જીવકૃત ન હોય જ્ઞાનની પર્યાય.

મુમુક્ષુ:- કેમકે જીવ તો અકર્તા છે ને?

ઉત્તર:- હા..... જીવ અકર્તા છે. જો જીવ અકર્તા છે તો જ્ઞાનની પર્યાયને કેમ કરે? હા, જ્ઞાનની પર્યાય પ્રગટ થાય તેને જાણે તેમ કહેવું તે વ્યવહાર, એને કરું છું તેમ માને તો અજ્ઞાન છે. આવું આત્માનું જ્ઞાતાપણું, અકર્તાપણું છે. ગજબ છે. ગજબનો ન્યાય છે. તાત્ત્વિક ન્યાય છે, પારમાર્થિક ન્યાય છે. આહાહા! આત્મા જ્ઞાનને કરે છે તેમ માનવું તે અજ્ઞાન છે. કરે છે તે ઉપચાર નહીં, જાણે તે ઉપચાર. ઉપચાર એટલે વ્યવહાર, કરે તે અજ્ઞાન. કરવામાં બે દોષ થઈ ગયા. એક તો અકર્તાને કર્તા માન્યો અને સ્વયંકૃતને પરાધીન માની.

મુમુક્ષુ:- સ્વયંકૃતને પરકૃત માન્યો.

ઉત્તર:- પરકૃત માન્યો તો તે પર્યાય પરાધીન થઈ ગઇ ને?

મુમુક્ષુ:- એ જ વાત છે જે આજે સવારે આપેલી.

ઉત્તર:- એ જ, બે સત્ નું ખૂન થાય છે આમાં. ગજબની વાત છે. ક્યાંનો માલ કયાં આવી ગયો. એવો વિચાર આવે છે.

મુમુક્ષુ:- બહુ ઉત્કૃષ્ટ વાત છે.

ઉત્તર:- ફરીથી, ફરીથી લેવી છે.

કે જ્ઞાનની પર્યાય, એટલે અહીયાં અજ્ઞાનની પર્યાયની વાત નથી. સમ્યગ્જ્ઞાનની વાત છે, અતીન્દ્રિયજ્ઞાનની વાત છે. જ્ઞાનની પર્યાય સત્ છે. પહેલો ધડાકો કર્યો. સંક્ષેપબુદ્ધિવાળો આટલામાં સમજી જાય. સત્ છે તો સત્‌ની વ્યાખ્યા શું? કે સ્વયંકૃત હોય, પરકૃત ન હોય. એટલે એનો પાછો ખુલાસો કરે છે. પોતે પોતાથી જ પ્રગટ થાય છે. પ્રગટ કરું છું તેમ નહીં. પ્રગટ થાય છે. કેમકે સત્ હોય ને તેને કોઈ પ્રગટ ન કરે. સ્વયંકૃત છે ને? અહેતુક છે ને? માટે પ્રગટ થાય છે તેવો, આહાહા! આ તાત્ત્વિક ન્યાયમાં ક્યાંય શબ્દમાં સ્ખલન નથી આવતું. મને તો તે એક નવાઈ લાગે છે. જે વસ્તુનું સ્વરૂપ છે તેવું જ આમાં શબ્દમાં આવે છે. આહાહા! પણ તેને જાણવું પ્રગટ થાય છે, સત્ છે પોતે પોતાથી પ્રગટ થાય છે. તે વાત સાચી પણ તેને જાણવું તે વ્યવહાર છે. ભેદ છે ને પર્યાયનો ભેદ માટે વ્યવહાર છે. અભેદને જાણવું તે નિશ્ચય અને ભેદને જાણવું તે વ્યવહાર છે. આહાહા!

તો પછી આત્માથી જ્ઞાન થાય છે, કેમકે સત્ અહેતુક પોતાથી થાય છે. તે તો વસ્તુનો સ્વભાવ કહ્યો. પર્યાય સ્વભાવ. અને છતાં કોઈ એમ માને કે મારાથી થાય છે, આત્માથી જ્ઞાન થાય છે, આત્મા જ્ઞાનને કરે છે, આત્માથી જ્ઞાન થાય છે અને આત્મા જ્ઞાનની પર્યાયને કરે છે એમ માનવું તો અજ્ઞાન છે.

મુમુક્ષુ:- એટલે તેમાં બે, આત્મા જ્ઞાનનો કર્તા પણ નથી અને કારણ પણ નથી.

ઉત્તર:- નથી.

મુમુક્ષુ:- આત્માથી જ્ઞાન થાય છે એટલે કે આત્માના આશ્રયે જ્ઞાન થાય છે,

ઉત્તર:- તે પણ નહીં. કારણ પણ નથી. બરાબર છે. અને કર્તા નથી એટલે કારણ પણ નથી અને કર્તા નથી. બે બોલ આમાં સમાય ગયા. બરાબર છે.

મુમુક્ષુ:- તે અજ્ઞાન છે.

ઉત્તર:- અજ્ઞાન છે, આહા! જ્ઞાનની પર્યાયનું કારણ આત્મા પણ નથી અને જ્ઞાનની પર્યાયનું કર્તા પણ આત્મા નથી. અકારણ અને અકર્તા તેવો જ્ઞાયક પરમાત્મા છે.

મુમુક્ષુ:- બે શબ્દ થી આવ્યું ને? કર્તા પણ નથી અને કારણ પણ નથી.

ઉત્તર:- કારણ પણ નથી. આત્માથી થાય છે એટલે આત્મા તેમાં નિમિત્ત છે તેમ નથી. અને આત્મા તેનું ઉપાદાન છે તેમ પણ નથી. બે વાત આવી. કૌંસ છે. કેમકે તેમાં આત્મા અકર્તા, જ્ઞાતા રહેતો નથી. અજ્ઞાન થયું કેમ તેનું કારણ? કેમકે તેમાં આત્મા અકર્તા જ્ઞાતા રહેતો નથી. હું પર્યાયને કરું તો અકર્તા પણ ન રહ્યો અને જ્ઞાતા પણ ન રહ્યો, આહાહા! અને પર્યાય સત્ રહેતી નથી. આત્મા અકર્તા રહેતો નથી અને પર્યાય સત્ રહેતી નથી. બે સત્ નું ખૂન થઇ ગયું. પર્યાય પરાધીન થઇ ગઈ અને આત્મા નિષ્ક્રિય ન રહ્યો, કર્તા બની ગયો. સ્વભાવને છોડ્યો આત્માએ. આત્માએ સ્વભાવને છોડ્યો તે અજ્ઞાન છે.

આત્મા કરે છે એટલે અકર્તાને કર્તા માન્યો તે જીવતત્ત્વની ભૂલ થઈ ગઈ. આહાહા! અને આ સંવરની ભૂલ. પ્રગટ થાય છે સ્વયં સત્ અહેતુક અને હું કરું છું મારાથી થાય છે (તેમ માને તો) તે પર્યાય પરાધીન થઈ ગઈ. સત્ પર્યાય તો સંવર કયા રહ્યો પછી? તે તો અજ્ઞાન થઈ ગયું. આહાહા! બધું સત્ છે. આહા! દ્રવ્ય સત્, ગુણ સત્ અને પર્યાય સત્. આ જૈનદર્શનનો સાર છે. સત્ અહેતુક, આહાહા! દ્રવ્ય તો સત્ અહેતુક, પર્યાય સત્ અહેતુક. આગળ. આગળ લેશું ને? બરાબર ને?

જ્ઞાનપર્યાય સત્ છે. પોતે પોતાથી જ થાય છે. પાછું રિપીટ કરે છે. જ્ઞાનપર્યાય સત્ છે, પોતે પોતાથી જ થાય છે. એવી સત્પર્યાયને જાણવું તે વ્યવહાર છે. ત્રિકાળસત્ને જાણવું તે નિશ્ચય છે, ક્ષણિકસત્ને જાણવું તે વ્યવહાર છે. દ્રવ્યને જાણવું તે નિશ્ચય અને પર્યાયને જાણવું તે વ્યવહાર. પર્યાયને કરવું તે અજ્ઞાન છે. (એ રીતે) ઘણી જગ્યાએ આવશે કે "આત્મા નિર્મળપર્યાયનો કર્તા છે" તે ઉપચારથી છે. તે પણ આવે ખરું. પણ ત્યાં પ્રકરણ અનુસાર કહેવું છે કે આત્મા જ્ઞાનપર્યાયને કરે છે તે સ્વભાવભૂત હોવાથી ક્રિયા નિષેધવામાં આવી નથી. ત્યાં તેમ લિમિટેડ છે કે ક્રોધનો કર્તા નથી. ક્રોધનો તો ઉપચારથી કર્તા નથી. અને જ્ઞાનનો ઉપચારથી કર્તા છે તેમ ત્યાં લેવું છે. જ્ઞાન પ્રગટ થયા પછી. અહિયાં જ્ઞાન પ્રગટ કરવાની અપેક્ષા છે. બેયમાં ફેર છે.

મુમુક્ષુઃ- આ જ્ઞાન પ્રગટ કેમ થાય તેની વિધિ છે.

ઉત્તરઃ- તેની વિધિ છે. અજ્ઞાની જ્ઞાન પ્રગટ થવા પહેલા આ જ્ઞાનની પર્યાયને હું કરું છું તેમ માને તો જ્ઞાન પ્રગટ જ ન થાય. કેમકે અજ્ઞાન થઈ ગયું. કેમકે અકર્તા દ્રષ્ટિમાંથી છૂટી ગયો. જ્ઞાતા ન રહ્યો. સ્વભાવ જ્ઞાતાપણે છે તે ચૂકાઈ ગયું. કર્તામાં આવી ગયો. કર્તાબુદ્ધિ, પર્યાયની કર્તાબુદ્ધિ તે અજ્ઞાન છે. છે ને ન્યાય બે? પર્યાયની કર્તાબુદ્ધિ અને જ્ઞાતાબુદ્ધિ તે અજ્ઞાન છે બેય. એ. તે વિવિક્ષા છે. આ તો શું કામ ખુલાસો કરું છું કે પાછો જ્ઞાનની પર્યાયનો કર્તા ઉપચારથી આવશે, મુંઝાવાની જરૂર નહીં.

મુમુક્ષુઃ- જ્ઞાની થયા પછીની વાત છે.

ઉત્તરઃ- જ્ઞાની થયા પછી અને ક્રોધનો કર્તા નથી તેનો નિષેધ કરવા માટે જ્ઞાનનો કર્તા કથંચિત્ કહ્યો હોય તો તે અનુભવ થયા પછીની વાત છે. આ અનુભવ થવા પહેલા અનુભવ કરવા માટે. અનુભવ થવા માટે જુદું અને અનુભવ થયા પછી જુદું. અજ્ઞાન કેમ લખ્યું એમ. જ્ઞાનપર્યાય સત્ છે. પોતે પોતાથી થાય છે તેવી સત્ પર્યાયને જાણવું તે વ્યવહાર છે.

'આ હું' હું છું ને? આ હું અભેદ જાણનાર, અભેદ જાણનાર, આ હું અભેદ જાણનાર, અભેદ જાણનાર અભેદ જાણનાર, જાણનાર જાણનાર જાણનાર, બસ. તું સમજ્યો? શું સમજ્યો? કે જ્યારે દ્રવ્ય ઉપર દ્રષ્ટિ જાય છે કે હું જાણનાર છું (હું) કરનાર નહીં. તો જે પરિણામ બહિર્મુખ હતા કર્તાબુદ્ધિથી, તે પરિણામ અંતર્મુખ આવ્યા. તો તે પરિણામ અંતર્મુખ આવવાથી અભેદ આત્મામાં પરિણામ અભેદ થઈ જાય છે. કથંચિત્ અભેદ સમજ્યો? કથંચિત્ અભેદ-અનન્ય થઈ જાય છે. પ્રલીન થઈ જાય છે. પર્યાયો દ્રવ્યમાં ડૂબી જાય છે. સમજ્યો? એવો વ્યવહાર છે. તે પણ અંદરનો વ્યવહાર છે. એક અપેક્ષાથી નિશ્ચય. પણ જ્ઞાન પ્રધાન કથનથી નિશ્ચય અને દ્રષ્ટિપ્રધાન કથનથી તે જ્ઞેય છે, વ્યવહાર છે. ધ્યેય નથી એટલે વ્યવહાર છે.

આ હું અભેદ જાણનાર, અભેદ જાણનાર, અભેદ જાણનાર, પછી જાણનાર જાણનાર, બસ. તેમાં નિશ્ચય છે. આ જ્ઞાનની પર્યાયનો નિશ્ચય છે. આ જ્ઞાનની પર્યાયનો નિશ્ચય છે. જ્ઞાનની પર્યાય જ્યારે જ્ઞાનની પર્યાયના ભેદને જાણે છે તે વ્યવહાર છે. જ્ઞાનની પર્યાય અભેદ આત્માને જાણે છે, અભેદ થઇને અભેદને જાણે છે. ભેદ રહીને અભેદને જાણતી નથી પણ અભેદ થઈને અભેદને જાણે છે તેનું નામ જ્ઞાનની પર્યાયનો નિશ્ચય છે. એટલે હું અભેદ જાણનાર છું. એટલે અર્થાત્ હું જ જ્ઞાતા, હું જ જ્ઞાન અને હું જ્ઞેય. તેવા ત્રણ ભેદ પડતાં હતા તે ભેદ નીકળી ગયા. તો તે એક આત્માના ત્રણ નામ છે. એક આત્માના તે ત્રણ નામ છે. નામ ભેદ છે, વસ્તુ તો એક છે તે અભેદ જાણનાર. એમ કહેવા માંગે છે. બરાબર છે ને? અભેદ જાણનાર.

કેમ કે ઓલા ભેદને જાણતો હતો ને એટલે વ્યવહાર હતો. પર્યાયના ભેદને જાણવું તે વ્યવહાર, અભેદને અભેદ થઈને જાણવું (તે નિશ્ચય છે). અભેદને અભેદ થઈને જાણવું, અનુભવના કાળમાં એ સ્થિતિ હોય છે. અનુભૂતિ તે આત્મા. સમ્યગ્દર્શન ભિન્ન છે કે અભિન્ન? કે અભિન્ન, એમ. છે જ્ઞાનપ્રધાન કથન. ખ્યાલ રાખવો દ્રષ્ટિપ્રધાન કથન નથી. દ્રષ્ટિપૂર્વક જ્ઞાન કેમ થાય છે, ધ્યેયપૂર્વક જ્ઞેય કેમ થાય છે. ફળ. છે આ વ્યવહાર ઓની અપેક્ષાએ, તે ધ્યાન રાખવાનું. આના ઉપર વજન આપવાનું નથી. વજન તો ત્રિકાળીનું આવે, બસ. સમજ્યા? આ તો એવી સ્થિતિ થઈ જાય છે. અંતરમાં ધ્યાનમાં મગ્ન થઈ જાય છે ને આત્મા, ઉપયોગ અભિમુખ થઈ જાય છે. આહા! અભેદ જાણનાર! એમ.

અભેદ જાણનહાર શબ્દ સારો છે. અભેદ થાય છે તેના કરતાં અભેદ જાણનહાર તે શબ્દ ઊંચો છે. નીચે વાંચ્યું હમણાં, તને પૂછ્યું-અભેદ જાણનહાર. બહુ સારો શબ્દ છે. તારા ભજનમાં એક આવે છે ક્યાંક અભેદ જાણનહાર. હે?

મુમુક્ષુ:- એક અભેદ જાણનહાર.

ઉત્તર:- એક અભેદ જાણનહાર. બસ. તે આવે છે. તાત્ત્વિક ન્યાય છે. એક અભેદ જાણનહાર. બોલો તો બોલો તો એકવાર.

જ્ઞાયક તો બસ જ્ઞાયક હી હૈ, જ્ઞાન જ્ઞેય સબ જ્ઞાયક હી હૈ,
જ્ઞાન જ્ઞેય બસ જ્ઞાયક હી હૈ, જ્ઞાન જ્ઞેયમેં ભેદ નહીં કુછ,
એક અભેદ જાણનહાર, પ્રભુ મેં હોં ગયા ભવ સે પાર,
પ્રભુ મેં હો ગયા ભવ સે પાર.

હવે બીજો એક કૌંસ કરીને ખુલાસો કરે છે. જ્ઞાન થાય છે, જ્ઞાન થાય છે. તેને જાણવું વ્યવહાર છે. આ હું અભેદ જાણનાર છું, જાણનાર છું તે નિશ્ચય છે. એટલે જે ઉપરની વાત હતી ને, પહેલી લીટીમાં વ્યવહાર પછી છેલ્લી લીટીમાં અભેદ જાણનાર તેનો કૌંસ કરીને શૉર્ટમાં ફરીથી રિપીટેશન કર્યું છે. તેમાં આ ઉપરનું આવેલું તેનું રિપીટેશન કર્યું છે. બરાબર? હવે આની કાંઇ ચર્ચા કરવાનું નથી રહ્યું. હોય તો કહેજો. કેમકે ઉપરની લીટીમાં ત્રણ ચર્ચા આવી ગઈ છે. સત્, અહેતુક, સ્વયંકૃત, પરલક્ષ અભાવાત બધું આવી ગયું એમાં. હેં? આહાહા!

પર્યાયના ભેદને જાણવું તે વ્યવહાર, અભેદને જાણવું તે નિશ્ચય. પણ હું અભેદ જાણનહાર તે

નિશ્ચય છે. એમ. અભેદને જાણવું તે નિશ્ચય. સમજાવવા માટે, પણ સમજવા માટે એક અભેદ જાણનહાર, એમ. એ તો પહેલા મેં વાત કરી કે ભેદને જાણવું તે વ્યવહાર, અભેદને જાણવું તે નિશ્ચય. પણ તે ખરું નિશ્ચય નથી. વિકલ્પાત્મક નિશ્ચય છે. વિકલ્પાત્મક નિશ્ચય જુદો અને નિર્વિકલ્પાત્મક નિશ્ચય જુદો. આ જે છે તે નિર્વિકલ્પધ્યાનમાં વાત છે. ઓલો સવિકલ્પ નિશ્ચય છે. સમજાવવા માટે.

મુમુક્ષુ:- આ ખરો નિશ્ચય છે. સ્વરૂપ છે નિશ્ચયનું.

ઉત્તર:- આ ખરો નિશ્ચય છે. આ તેનું સ્વરૂપ છે. અનુભવના કાળમાં અભેદ જાણનહાર, બસ. થઇ ગયું. અભેદ જાણનહાર બસ. આટલું છે. બરાબર?

મુમુક્ષુ:- બહુ સરસ.

ઉત્તર:- હું અભેદ જાણનાર. અભેદને જાણું છું એમ નહીં. અભેદને જાણે તે નિશ્ચય. પણ તે સવિકલ્પ નિશ્ચય છે. નિશ્ચયના બે પ્રકાર-અભેદને જાણે તે નિશ્ચય તે ખરું નિશ્ચય નથી. ખરું નિશ્ચય નથી. અભેદ જાણનહાર તે ખરો નિશ્ચય. અભેદને જાણવું તે નિશ્ચય તેમાં ભેદ પડી ગયો.

મુમુક્ષુ:- એ ઉપદેશનો પ્રકાર છે.

ઉત્તર:- ઉપદેશનો પ્રકાર છે. આ અનુભવનો પ્રકાર છે. ઉપદેશનો પ્રકાર અને આ?

મુમુક્ષુ:- સિધ્ધાંત બોધ આ.

ઉત્તર:- હા... આ નિર્વિકલ્પધ્યાનની વાત છે.

મુમુક્ષુ:- વસ્તુની સ્થિતિ

ઉત્તર:- હા બસ, આ ત્યાં, અલમ અલમ ત્યાં કોઈ વિકલ્પ ઊઠતો નથી આમાં. કોઇ વિકલ્પ શાંત થઈ જાય છે. પહેલા હું જરા વાંચી લઉં છું.

ચારિત્રનું સમ્યક્ સ્વરૂપ સો ટકા આવું છે. એથી જે કહેવામાં આવે છે તે છે. ચારિત્ર કોને કહીએ તે એકદમ સ્પષ્ટ અંદરથી આવ્યું છે. વારંવાર આવે છે. ચારિત્ર એટલે, ચારિત્ર એટલે આ જે સહજાત્મ સ્વરૂપ છે, એટલે કે શુધ્ધાત્મા છે, ચિદાનંદ આત્મા છે તેની જ કેવળ આનિ જ ભાવનારૂપે પરિણમવું એટલે અંતર સન્મુખ થઈને નિર્વિકલ્પ ધ્યાનરૂપે પરિણમવું. અહિયાં વિકલ્પની વાત નથી. અહિયાં મનની વાત નથી. અહિયાં તો તે જેવું સ્વરૂપ છે તેમાં તન્મય થઈને પરિણમી જાવું, એમ.

તેની જ કેવળ આની જ ભાવના, ભાવના એટલે એકાગ્રતા. જયાં દ્રવ્ય અને પર્યાયનો ભેદ પણ દેખાતો નથી તેવી નિર્વિકલ્પ ધ્યાનસ્થ અવસ્થા. તેને પરમાત્મા ભાવના કહે છે. આનિ જ ભાવના, આની જ ભાવનારૂપે પરિણમવું, એમ. તે પરિણમી જાય છે આત્મા. તે જ ચારિત્ર છે. બીજું કાંઈ ગ્રહવાનું કે છોડવાનું નામ ચારિત્ર નથી. છોડવું તે ચારિત્ર નથી. આત્મા આત્માને ગ્રહે છે તે પણ ચારિત્ર નથી. 'અપોહક તો અપોહક છે,' એમ. આત્મા પરને છોડે છે (તે) બધા વ્યવહારના કથન. આત્મા આત્માને ગ્રહે છે તે વ્યવહારનું કથન છે.

આત્મા અપોહક તો અપોહક છે. એમ. તે ચારિત્રના સ્વરૂપની વાત કરે છે. ચારિત્રની પર્યાયનો નિશ્ચય. ચારિત્રની પર્યાયનો નિશ્ચય એની આ વાત છે. નિર્વિકલ્પ ધ્યાનમાં,....

મુમુક્ષુ:- વચ્ચે આ લીધું હતું ઢૂંઢારી ભાષામાં આપ હી તો અપોહક છો.

ઉત્તર:- હા, આપ હી, સ્વભાવથી અપોહક છે. તે આમાં કહે છે. કે કાંઈ ગ્રહવાનું ને છોડવાનું નામ ચારિત્ર નથી. આહાહા! રાગને છોડવો અને વીતરાગભાવને ગ્રહવો તે ચારિત્ર નથી. એ તો વિકલ્પ છે બેય. આ તો ઊંચા પ્રકારની વાત છે. સમજી ગયા? આ અત્યારની જે વાત છે (તે) એકદમ ઊંચા પ્રકારની આ વાત છે. નિર્ગ્રંથ થવાનું નામ ચારિત્ર નથી. નિર્ગ્રંથ થઈ ગયો આત્મા, દીક્ષા અંગીકાર કરી તેનું નામ ચારિત્ર નથી, નિવૃત થવાનું નામ ચારિત્ર નથી. રાજપાટ છોડી ચક્રવર્તી જંગલમાં ગયા તે ચારિત્ર નથી. એમ કહે છે.

પણ હું તો નિર્ગ્રંથ સ્વરૂપે જ છું, આહાહા! હું તો નિવૃત સ્વરૂપે જ છું, આહાહા! નિવૃત થવું નથી. હું તો નિવૃત સ્વરૂપે જ છું. હું તો હું જ છું. બસ. આ જ ચારિત્રનું સમ્યક્ સ્વરૂપ સર્વજ્ઞ તીર્થંકર પરમાત્મા અને દિગંબર સંતો પરમ કરુણા કરીને સમજાવે છે. જગતને આ ચારિત્રના સ્વરૂપની ખબર જ નથી. વચનાતીત નિર્વિકલ્પ ચારિત્રનું સ્વરૂપ છે. પહેલા મેં કહ્યું ને? કે આ જે ચારિત્રનું સ્વરૂપ છે (તે) એકદમ નિર્વિકલ્પ ધ્યાનની અવસ્થાનું સ્વરૂપ છે. ડૂબી જાય અંદરમાં, કોઈ પણ પ્રકારનો વિકલ્પ ઉઠે નહીં. નિર્વિકલ્પ ચારિત્રનું સ્વરૂપ છે. જે વારંવાર અત્યંત શાંત, પ્રશાંત, ગંભીર, સ્થિર-સ્થિર ભાવપણે આવે છે.

આવું ચારિત્રનું સ્વરૂપ સાધકને વારંવાર અત્યંત શાંત, પ્રશાંત, વિશેષ શાંત, ગંભીર, સ્થિર-સ્થિર ભાવપણે આવે છે. વારંવાર આવું સ્વરૂપ નિર્વિકલ્પ ધ્યાનમાં સંતો ડૂબી જાય છે. ચોથે, પાંચમે, છઠ્ઠે તેને યોગ્ય, સમજી ગયા? આ ચારિત્રનું સ્વરૂપ છે. યથાર્થ છે. ચારિત્રની ભાવના એટલે એકાગ્રતા છે. નિર્વિકલ્પધ્યાન. ત્યાં ગુણગુણીના ભેદનો વિકલ્પ નથી.

મુમુક્ષુ:- અભેદ જાણનહાર તે જ ચારિત્ર ને?

ઉત્તર:- હા તે જ ચારિત્ર, તે જ ચારિત્ર, અભેદ જાણનહાર. અભેદ જાણનહાર તે જ્ઞાનપ્રધાન કથન અને આ સ્થિર થવું અંદરમાં તે ચારિત્રની અપેક્ષાએ કહ્યું. પણ તે બધું જ્ઞાનનું જ વર્ણન છે. આ ચારિત્રનું વર્ણન પણ જ્ઞાન કરે છે. જ્ઞાન બધું જાણે છે. ચારિત્રના સ્વરૂપને પણ જ્ઞાન જાણે છે. જ્ઞાન સવિકલ્પ છે ને? એટલે શાસ્ત્રો લખાણા. ઉપદેશબોધ આવ્યો. બધા જ ગુણો નિર્વિકલ્પની જેમ જ્ઞાનગુણ નિર્વિકલ્પ હોત તો અંધારું થઈ જાત. જ્ઞાન નિર્વિકલ્પ હોત તો ભેદજ્ઞાન ન થાત. જેટલા સિધ્ધ થયા તેટલા ભેદવિજ્ઞાનથી થયા છે. જ્ઞાનગુણ સરદાર છે. માટે ઉપયોગલક્ષણ કહ્યું. શ્રધ્ધાની પર્યાયને લક્ષણ ન કહ્યું ચારિત્રને પણ લક્ષણ ન કહ્યું. કેમકે પ્રગટ નથી. પ્રગટ થાય છે. આ તો પ્રગટ છે. છે, છે અને છે, અનાદિઅનંત ઉપયોગ લક્ષણ છે. અને શુધ્ધ ઉપયોગ થયો તે ચારિત્ર. તે ઉપયોગ આત્મામાં જોડાઈ ગયો. અભેદ જાણનહાર આ તેનું નામ ચારિત્ર છે.

લીનતા, સ્થિરતા, શાંત, પ્રશાંત, ગંભીર, સ્થિર-સ્થિર, વારંવાર એવો ભાવ આવે, અંદર ડૂબકી મારે, આહાહા! જેમ ૧૧૮ ડિગ્રીનો તાપ હોય અને તળાવમાં ડૂબકી મારે, શાંત શાંત, શીતળ શીતળતા થઈ જાય અંદરમાં. ડૂબકી મારે, ડૂબકી સમજ્યા? હં.. અંદરમાં પાણીમાં. બહારમાં તાપ અંદરમાં શીતળતા. એમ ઉપયોગ બહાર ગયો તો તાપ અને અંદરમાં ગયો તો શીતળતા. આનંદ આનંદ શાંત-પ્રશાંત, શાંત-પ્રશાંત, ગંભીર, સ્થિર-સ્થિર એવું વારંવાર થયા કરે, એમ. તેનું નામ ચારિત્ર. સમ્યગ્દર્શન એક વાર થાય, ચારિત્ર વારંવાર થાય. શું કહ્યું? કાંઈ ખ્યાલ આવ્યો?

સમ્યગ્દર્શન તો એક જ વખત થાય. સમ્યગ્દર્શન વારંવાર ન થાય. ચારિત્ર વારંવાર થાય. વારંવાર એટલે જ્યાં સુધી પૂર્ણ યથાખ્યાત ચારિત્ર ન થાય. કેમકે સમ્યગ્દર્શન ચોથે પૂરું થાય છે. ચારિત્ર બારમે પૂરું થાય છે. એટલે વારંવાર ચારિત્ર થયા કરે છે. આમાં આવ્યું ને? સ્થિર સ્થિર ભાવપણે આવે છે. આવે છે એટલે થયા કરે છે. આવી સ્થિતિ સાધકને વારંવાર અંદરમાં ડૂબકી મારે છે, એમ. સમ્યગ્દર્શન થઈ જાય છે અને ચારિત્ર થયા કરે છે. સમ્યગ્દર્શનની પૂર્ણતા થઈ જાય છે. એટલે સમ્યગ્દર્શન પછી નવું ઉત્પન્ન ન થાય. જે છે તે ટકી રહે. પ્રતીતિ આત્માની જેવી છે તેવી પ્રતીતિ રહ્યા કરે. પણ ચારિત્રમાં તો અનંતો પુરુષાર્થ છે.

સમ્યગ્દર્શન કરતાં પણ ચારિત્રનો પુરુષાર્થ અનંતગણો કહ્યો. સમ્યગ્દર્શનનો પુરુષાર્થ એક સમયનો છે અને ચારિત્રનો પુરુષાર્થ બે ઘડીનો છે. તે સમયમાત્રમાં-સમયમાત્રમાં ચારિત્ર પૂરું થતું નથી. મર્મ છે આમાં. નહિતર ગુણસ્થાન ન હોત.

મુમુક્ષુઃ- ચારિત્રના ગુણસ્થાન તો વધારે છે.

ઉત્તરઃ- આ જે ગુણસ્થાન છે તે પછી ચારિત્રના છે. પાંચમું, છઠ્ઠું, સાતમું, આઠમું તે ચારિત્ર અપેક્ષા છે. સમ્યગ્દર્શન તો ચોથે થઈ ગયું.

મુમુક્ષુઃ- ચારિત્ર વારંવાર થાય, સમ્યગ્દર્શન એક જ વાર થાય.

ઉત્તરઃ- એક જ વાર થાય, બસ. એમ મારું કહેવું ઈ છે. તે વાત શબ્દ એટલા માટે લીધો. આમાં એમ આવ્યું ને? વારંવાર થયા કરે છે. લીનતા વારંવાર થાય. છઠ્ઠું, સાતમું, છઠ્ઠું, સાતમું, વારંવાર થાય છે કે નહીં? સાતમે ચારિત્ર છે. છઠ્ઠે અપવાદ ચારિત્ર છે. ઉત્સર્ગ ચારિત્ર નથી. સવિકલ્પદશા આવી ગઈ ને? પરિણતિ છે પણ શુદ્ધઉપયોગ નથી.

આમાં લખે છે તે શુદ્ધઉપયોગની વાત છે. આ જે ચારિત્રની વાત છે, આહા! તે લીનતાની વાત છે. નિર્વિકલ્પધ્યાન શબ્દ આવ્યો ને આમાં? જુઓ! આ ચારિત્રના સ્વરૂપની ખબર જ નથી, વચનાતીત નિર્વિકલ્પ ચારિત્રનું સ્વરૂપ છે, લ્યો! આ સવિકલ્પ નથી. આહાહા! સમ્યગ્દર્શન એક વખત થાય. ચારિત્ર વારંવાર થાય. ઈ શું આ? પણ ચારિત્ર તો એક વખત અંગીકાર કર્યું, દીક્ષા લઈ લીધી તો પછી વારંવાર દીક્ષા લેવાની હોય? તે ચારિત્ર નથી. આમાં એમ કહ્યું.

મુમુક્ષુઃ- કેવી વાત છે આ? જગત જેને ચારિત્ર માને છે તે ચારિત્ર જ નથી.

ઉત્તરઃ- નથી... ચારિત્ર તો અંગીકાર કરી લીધું પછી વારંવાર ચારિત્ર હોય? કે હા.. તે દીક્ષા લીધી તેને ચારિત્ર માની લીધું તે ચારિત્ર નથી. વારંવાર ચારિત્ર થાય છે. તેને સર્વજ્ઞ ભગવાન ચારિત્ર કહે છે. દીક્ષા અંગીકાર કરી લીધી ગુરુની પાસે, ચારિત્ર તો થઈ ગયું. ચારિત્ર વારંવાર બીજે દી' દીક્ષા લેવી? ત્રીજે દી' દીક્ષા લેવી? તે શું વાત છે? તે ચારિત્ર જ નથી. તારી કલ્પના છે. આમાં આવ્યું છે જગતને આ ખબર નથી.

આ ચારિત્ર વારંવાર થાય છે, ચારિત્ર વારંવાર થાય છે તે શબ્દ કહીએ તો ભડકી જાય. કે આ શું કહો છો? દીક્ષા તો એક વખત હોય. બીજી વખત દીક્ષા નથી હોતી. તો તે ચારિત્ર નથી. વારંવાર લીનતા તેનું નામ ચારિત્ર છે. આહા! સમ્યગ્દર્શન એક વખત થાય. ચારિત્ર (વારંવાર થાય). સમજાણું? શું?

મુમુક્ષુ:- ચારિત્ર વારંવાર થાય છે.

ઉત્તર:- કારણ શું? કે જે ઉપયોગ છે તે વારંવાર અંદરમાં જાય છે. વિકલ્પ તૂટીને નિર્વિકલ્પધ્યાનમાં આનંદની ભરતી આવે છે. સમજ્યા? તેનું નામ ચારિત્ર છે. એક વખત દીક્ષા લઈ લીધી, ચારિત્ર વારંવાર, સમ્યગ્દર્શન એક વાર. સમ્યગ્દર્શનનો પુરુષાર્થ એક વાર, ચારિત્રનો પુરુષાર્થ વારંવાર. કાન્તાબેન સમજાણું કાંઇ તેમાં? શું સમજ્યા? કે સમ્યગ્દર્શન તો એક વાર થઇ જાય છે, નિર્વિકલ્પધ્યાનમાં પ્રતીતિમાં હું જાણનાર છું હું કરનાર નથી, પછી ચારિત્રનો પ્રકાર આવે છે તો તે વારંવાર ઉપયોગ અંદરમાં જાય છે. લીનતાનો પ્રયોગ થાય છે. તો ચારિત્ર તો વારંવાર થાય છે.

જ્યાં સુધી ચારિત્ર પૂર્ણ ન થાય ત્યાં સુધી વારંવાર થાય છે. બારમાં ગુણસ્થાન સુધી વારંવાર થાય છે. બસ, બારમાં ગુણસ્થાને ચારિત્ર પૂરું થઈ જાય છે. ખલાસ.

મુમુક્ષુ:- બરાબર! વારંવાર થતાં થતાં પૂરું થઈ જાય છે.

ઉત્તર:- સ્વાધ્યાયની પદ્ધતિ ગુરુદેવે સારી બતાવી.

મુમુક્ષુ:- તેમાં હજી આ એક સ્પષ્ટ કરવાનું છે.

ઉત્તર:- બોલો.

મુમુક્ષુ:- બીજું કાંઇ ગ્રહવાનું કે છોડવાનું નામ ચારિત્ર નથી, જગત જેને ચારિત્ર માને છે તે અને ચારિત્ર છે શું તે આપ પ્રગટ કરો સારી રીતે.

ઉત્તર:- કોઇ બાહ્ય પદાર્થનો ત્યાગ કરવો, સમજ્યા? બાહ્યપદાર્થનો ત્યાગ કરી દેવો કે આજે લીલું ખાવું નહીં. તેનું નામ ચારિત્ર, તે ચારિત્ર નથી. બીજું આજ આહાર-પાણીનો ત્યાગ, ઉપવાસ કરવો તેનું નામ ચારિત્ર નથી. અચ્છા! આખો દિવસ આજે બે દ્રવ્ય ખપે(લેવું), ત્રણ દ્રવ્ય ખપે નહીં. બે દ્રવ્યની લિમિટ, આખો દિવસ રોટી અને દાળ. બાકીનો તો ત્યાગ થઇ ગયો ને? તે ત્યાગ નથી, તે ચારિત્ર નથી.

મુમુક્ષુ:- કેમ ચારિત્ર નથી?

ઉત્તર:- કેમ ચારિત્ર નથી? કેમ ચારિત્ર નથી કેમકે પરદ્રવ્યનું આપે ગ્રહણ જ નથી કર્યું. અને પરદ્રવ્યને આપે છોડી દીધું તે મિથ્યાત્વનું શલ્ય છે. હા તેમાં મિથ્યાત્વ છે. આપે પરદ્રવ્ય ગ્રહણ જ નથી કર્યું તો પરદ્રવ્યનો ત્યાગ, આ તો ધર્મનો ત્યાગ છે. ત્યાગબુદ્ધિ તે ધર્મનો ત્યાગ છે. આ ખાવું અને આ ન ખાવું, આહાહા! ખાઈ શકતો નથી આત્મા અને આ ખાવું અને આ ન ખાવું તે કયાથી આવ્યું? તે તો કર્તાબુદ્ધિ થઇ ગઇ. આ તે ક્રિયા કાંડની અંદર જીવ ફસાઇ ગયો. આહા!

ત્યાગને ધર્મ માની લીધો. ગ્રહણની તો ખબર જ નથી. સમજ્યા? અચ્છા! તો આહારનો-આહારનો ત્યાગ અને અનાઆહારકભાવનું આપે ગ્રહણ કર્યું. ઉપવાસનું ગ્રહણ કર્યું, આહારનો ત્યાગ કર્યો ને? આજ ખાવું નહીં. સમજ્યો? તે ત્યાગ તે પણ ધર્મ નથી અને જે ઉપવાસ થયો ત્યાગ ગ્રહણ કર્યું તે પણ ચારિત્ર નથી. ચારિત્રનો તો જે ઉપયોગ તે ઉપયોગમાં ગ્રહણ-ત્યાગના રાગનો સર્વથા અભાવ. ગ્રહણનું અને ત્યાગનું રાગનો સર્વથા અભાવ. વીતરાગી પર્યાય પ્રગટ થાય છે. અંદર લીન થઇ જાય છે વીતરાગીપર્યાય તેનું નામ ચારિત્ર છે. આહા!

ત્યાગમાં ત્યાગનો વિકલ્પ ઉત્પન્ન થાય છે અને ગ્રહણનો વિકલ્પ ઉત્પન્ન થાય છે. સમજ્યા?

આજે મંદિરમાં ૬ વાગ્યે મારે તો બેસી જાવું છે, પૂજા કરવી છે અથવા માળા ગણવી છે, બસ કોઈ કામ, દુકાને જાવું (નથી). તેનું નામ ચારિત્ર નથી. તે તો રાગ છે. તેમાં કર્તાબુદ્ધિ આવે છે. તેમાં કર્તાબુદ્ધિ આવે છે. ચારિત્રના નામથી મિથ્યાત્વ દ્રઢ થઈ જાય છે હિન્દુસ્તાનમાં. હા..

મુમુક્ષુ:- એકદમ સાચી વાત છે.

મુમુક્ષુ:- આમાં એક શબ્દ સારો આવ્યો હતોછોડુ ત્યાગબુદ્ધિ.

ઉત્તર:- હા, ત્યાગબુદ્ધિ

મુમુક્ષુ:- જેમ જ્ઞાતાબુદ્ધિ, કર્તાબુદ્ધિ, ત્યાગબુદ્ધિ.

ઉત્તર:- તેમ ત્યાગની બુદ્ધિ - હું છોડનાર છું.

મુમુક્ષુ:- અનાદિનો અભાવ સ્વરૂપ જ છે.

ઉત્તર:- અભાવ સ્વરૂપ જ, ક્યાં તમે ગ્રહણ કર્યા છે પરપદાર્થને અને તમે છોડો. એ ત્યાગની જે બુદ્ધિ છે (તે) મિથ્યાબુદ્ધિ છે. આહાહા! આપે કોઈ પદાર્થ ગ્રહણ જ નથી કર્યો તો છોડવાની વાત ક્યાં છે? હા, વ્યવહારથી આવ્યું રાગને છોડો અને વીતરાગભાવને ગ્રહણ કરો એવું આવે. એવું આવે. તે પણ વ્યવહાર છે. કેમકે રાગને છોડવો તે આત્માનું કર્તવ્ય નથી. અને વીતરાગભાવનું કરવું તે આત્માનું કર્તવ્ય નથી. અંદરની વાત અત્યારે બતાવું છું, ગ્રહણ-ત્યાગની. બહારની પહેલા બતાવી. હવે તે રાગને હું છોડુ અને વીતરાગભાવને હું ગ્રહણ કરું, તેમાં આવી ગયું. વીતરાગભાવને હું ગ્રહણ કરું કર્તાબુદ્ધિ થઈ ગઈ (તે) અજ્ઞાન છે. કેમકે વીતરાગભાવ સ્વયં ઉત્પન્ન થાય છે. આહાહા! આ જૈનદર્શન કહ્યું પણ જાય નહીં અને સાંભળ્યું પણ જાય નહીં અજ્ઞાનીને. કહ્યું પણ ન જાય અને સાંભળ્યું પણ ન જાય.

રાગને હું છોડુ અને વીતરાગભાવને હું ગ્રહણ કરું, તેમ ગ્રહણ-ત્યાગનો રાગ, ગ્રહણ-ત્યાગનો રાગ, છોડુ તેમાં રાગ અને ગ્રહું તેમાં રાગ આવ્યો, વીતરાગભાવ કયાં આવ્યો?

મુમુક્ષુ:- તેમાં ક્યાં ચારિત્ર આવ્યું?

ઉત્તર:- તેમાં કયાં ચારિત્ર આવ્યું? રાગ તે ચારિત્ર સ્વરૂપ નથી. ચારિત્ર તો વીતરાગી સ્વરૂપ છે. રાગ તો અચારિત્ર છે. ચારિત્રનો દોષ છે. દોષ છે, મળ છે. આહાહા!

મુમુક્ષુ:- રાગનું ત્યાગવું તે ચારિત્ર નથી.

ઉત્તર:- નથી.

મુમુક્ષુ:- કેમકે રાગનો ત્યાગ તો ત્યારે કરે ને કે જ્યારે રાગને ગ્રહણ કર્યો હોય ...

ઉત્તર:- તો. તો રાગને તો ગ્રહણ કર્યો નથી. એ તો રાગથી રહિત જ પરમાત્મા બિરાજમાન અંદરમાં (છે).

મુમુક્ષુ:- તો ત્યાગની બુદ્ધિમાં તે દોષ આવી ગયો.

ઉત્તર:- આવી જાય છે. ત્યાગબુદ્ધિ - મિથ્યાત્વ.

મુમુક્ષુ:- બહુ જ સારી વાત છે, ભાઈ! જેમ તેની કર્તાબુદ્ધિ અને જ્ઞાતાબુદ્ધિ દોષ છે, મિથ્યાત્વ છે તેમ તેની ત્યાગબુદ્ધિ...

ઉત્તર:- હા, દોષ છે, ત્યાગબુદ્ધિ થઈ ગઈ છે. હું છોડુ તો ધર્મ થાય. છોડુ તો ધર્મ થાય. કાંઈક

ત્યાગ કરવું જોઈએ. કાંઈક ત્યાગ કરવો જોઈએ.

મુમુક્ષુ:- બીજું ચાલો બહારના પદાર્થનો ત્યાગ તે ચારિત્ર નથી

ઉત્તર:- નથી.

મુમુક્ષુ:- પણ તે સંબંધી રાગને ત્યાગવો તે તો ચારિત્ર છે કે નહીં?

ઉત્તર:- ના તે ચારિત્ર નથી. ચારિત્ર નથી. તેમાં કર્તાબુદ્ધિ આવી. છોડુ તો પહેલા ગ્રહ્યું હતું મેં. અને તેમાં સ્વામિત્વબુદ્ધિ થઈ. છોડે કોણ? પોતાનું હોય તો છોડે. રાગને પોતાનો માન્યો છે અને છોડે. ઈ પોતાનો છે જ નહીં. તે પરદ્રવ્ય સ્વરૂપ છે. આહાહા! ચારિત્રની વ્યાખ્યા કોઈ અલૌકિક છે. આખા હિન્દુસ્તાનની અંદર ગોટાળા છે ચારિત્રના નામથી. ત્યાગી લોકો આ ચારિત્રનું સ્વરૂપ તેમાં લખ્યું છે, તાત્ત્વિકન્યાયમાં, તે જાણતા નથી. અંધારું છે બધે. તે કષાયની મંદતા છે. કર્તાની બુદ્ધિની સાથે, મિથ્યાત્વની સાથે મિથ્યાત્વ પુષ્ટ થાય છે, કષાયની મંદતા થાય છે. સંસાર વધે છે. ચારિત્ર નથી. મિથ્યા ચારિત્ર છે. મિથ્યા ચારિત્ર. આહા!

આત્માને જાણવું જાણવું જાણવું જાણવું જાણવું જાણવું અભેદ જાણનહાર અભેદ જાણનહાર તેનું નામ ચારિત્ર છે. હવે આ કોઈ સમજે નહીં શું કરવું? અભેદ જાણનહાર, અભેદ જાણનહાર, અભેદ જાણનહાર, શાંત, પ્રશાંત, ગંભીર, સ્થિર, સ્થિર-સ્થિર. તે સાધારણ વાત નથી. વસ્તુસ્થિતિ ચારિત્રનું સ્વરૂપ, આહાહા! આમાં લખે છે કે તે ચારિત્રના સ્વરૂપની તો જગતને ખબર પણ નથી કાંઈ. કાંઈ ખબર નથી.

આ થોડો ત્યાગ કર્યો, થઈ ગયો ત્યાગ! આહા! બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લીધી. ચારિત્ર થઈ ગયું. આહાહા! હિંસાનો ત્યાગ કર્યો, પરિગ્રહનો ત્યાગ કર્યો, કે પૂરા ૧૨ મહિનામાં બે કુર્તા જોઈએ છે, ત્રણ કુર્તા નહીં. સમજ્યો? તો ચારિત્ર થઈ ગયું, ધર્મ થઈ ગયો. બિલકુલ નથી. પરિગ્રહનો પરિમાણ કરો...

મુમુક્ષુ:- એમ કહે છે ત્યાં તો અંધકાર છે, એમ.

ઉત્તર:- અંધકાર છે. પરિગ્રહનું પરિમાણ કરો. બે કુર્તા જોઈએ. ત્રીજો કુરતો અમને ખપે નહીં. અને ક્ષેત્રનું અમને, કે આ શિકોહાબાદથી બહાર નહીં જવાનું ૧૨ મહિના સુધી. પરિમાણ કરી લીધું, મેં પ્રતિજ્ઞા કરી છે. આહાહા! દ્રવ્યનું, ક્ષેત્રનું, કાળનું અને ભાવનું પરિગ્રહનું પરિમાણ કરવું લિમિટમાં રહેવું. સંધ્યા રોટી ત્રણ જ ખાવી. છ રોટી ખાતા હતા હવે ત્રણ જ ખાવી, બસ. એક રોટી, એક દાળ, એક શાક ત્રણ. બીજું કાંઈ નહીં. શાક નહીં, રસ નહીં કાંઈ નહીં. પાપડ નહીં, કાંઈ નહીં. આહાહા!

મુમુક્ષુ:- આમાં કેટલો મોટો દોષ થઈ જાય છે?

ઉત્તર:- ધર્મનો ત્યાગ, કર્તાબુદ્ધિ થઈ ગઈ. ગુરુદેવે આપણને બચાવી લીધા. આ રહસ્ય ક્યાંય કોઇની પાસે નથી. કોઇની પાસે નથી. ગુરુદેવની પાસે હતું. તે પૂર્વના સંસ્કારી હતા. અને કુંદકુંદભગવાનનું જે હૃદય હતું તેમણે પારખી લીધું. ૧૯ વખત જાહેરમાં સમયસાર વાંચ્યું. ૧૯ વખત બીજું કોઈ શાસ્ત્ર મોક્ષમાર્ગ પ્રકાશક વાંચ્યું? આહાહા! અપોહક ત્યાગ-ગ્રહણથી આત્મા શૂન્ય છે. આત્મા આત્માને ગ્રહે છે તે વ્યવહાર છે.

મુમુક્ષુ:- તે જ વ્યવહાર છે.

ઉત્તર:- હં... આત્મા આત્માને ગ્રહે છે, જાણે છે. તે વ્યવહાર છે.

મુમુક્ષુ:- તે પણ ચારિત્ર નથી.

ઉત્તર:- ચારિત્ર નથી. આત્મા રાગને છોડે છે તે ચારિત્ર નથી. તે તો નથી પણ આત્મા આત્માને ગ્રહણ કરે છે તે પણ ચારિત્ર નથી. તે વિકલ્પ છે, સંસાર છે, જગપંથ છે. આ તો કોઈ વિરલાને પલ્લે પડે. વિરલા જાણે તત્ત્વને, આહા! તાત્ત્વિક તત્ત્વને વિરલા જાણે. તાત્ત્વિક તત્ત્વને ચારિત્રના સ્વરૂપને કોઈ વિરલા જાણે. આહા!

મુમુક્ષુ:- સાધારણ માણસની તો તેમાં ચાંચ પણ ન ડૂબે.

ઉત્તર:- ચાંચ પણ ન ડૂબે કે આ શું કહે છે?

મુમુક્ષુ:- સમજાય પણ નહીં કે આ શું કહે છે?

ઉત્તર:- સમજાય પણ નહીં કે આ કહેવા શું માંગે છે? તે ખબર ન પડે.

મુમુક્ષુ:- ઊંધું કાંઈક માની લ્યે.

ઉત્તર:- હા,

મુમુક્ષુ:- સમ્યગ્દર્શન એક વાર થાય ચારિત્ર વારંવાર થાય. તે તો બહુ સરસ વાત છે. સમ્યગ્દર્શન એક વાર ચારિત્ર વારંવાર.

ઉત્તર:- તે સારો શબ્દ આવ્યો છે. શબ્દ સારો આવ્યો છે. કેમકે સમ્યગ્દર્શન એક વારમાં પૂરું થઈ જાય છે. ચારિત્ર પૂરું નથી થતું. વારંવાર લીનતાનો પ્રયોગ કરે છે તો જેમ નેમિનાથભગવાને પ૬ દિવસ સુધી પ્રયોગ કર્યો. સમ્યગ્દર્શન એક વાર થાય ચારિત્ર વારંવાર થાય.

મુમુક્ષુ:- સમ્યગ્દર્શન તો એક વારમાં ક્ષાયિક થઈ જાય છે પણ ચારિત્રનો પુરુષાર્થ વારંવાર....

ઉત્તર:- નેમિનાથભગવાને પ૬ દિવસ વારંવાર ચારિત્ર કર્યું, વારંવાર. ત્યારે પૂર્ણ થયું આ ભૂમિમાં. ચારિત્રનું સ્વરૂપ જુદું છે. વ્યવહાર ચારિત્રને, સાધકના વ્યવહારચારિત્રને નિશ્ચયચારિત્ર માન્યું અને એની કોપી કરવા માંડયા. નકલ.

મુમુક્ષુ:- અક્કલ વિનાની નકલ.

ઉત્તર:- અક્કલ વિનાની નકલ. (નેમિનાથ) તીર્થંકર ભગવાનને પ૬ દિવસ લાગ્યા. વારંવાર વારંવાર વારંવાર વારંવાર વારંવાર વારંવાર, એમ કરતા કરતા કરતા કરતા પ૬ મે દિવસે અંદર ગયા પછી બહાર નીકળ્યા જ નહીં. અંદર ગુફામાં ગયા... કેવળજ્ઞાનનો ભડકો થઈ ગયો. ચારિત્રના સ્વરૂપનો તો અનુભવ નથી પણ ચારિત્રની વાત પણ સાંભળી નથી જગતે. આને ચારિત્ર કષાયની મંદતા થઈ ગઈ તે ચારિત્ર, આહા! અને કષાયની મંદતાને ધર્મ માન્યો, ચારિત્ર માન્યું. તે સંવરની ભૂલ. આસ્રવને સંવર માન્યો. આસ્રવને સંવર માન્યો. સંવર તો થયો નથી. સંવર તો આત્માના અનુભવથી થાય છે, સંવરમાં આનંદ આવે છે. આસ્રવમાં આકુળતા થાય છે. આ ખાવું અને આ ન ખાવું આકુળતા- ઉપવાસ કરે ક્યારે ભોજન થાશે, ક્યારે ભોજન થાશે, ક્યારે ભોજન થાશે. અમારા માટે મગ ભોજનમાં બનાવજો, થોડા થેપલા ગરમ બનાવજો. અમારે ત્યાં (સ્થાનકવાસીમાં) ચાલતું હતું. ઉપવાસ કરે ને ઉપવાસ. તો સાંજે કહી દયે બધાને ઘરનાને (કે) સવારે મગ બનાવજો ગરમાગરમ, સવારે ગોળનું પાણી બનાવજો અમારા માટે, ગોળનું પાણી. ઉપવાસી હોં! ઉપવાસી બોલે છે. બોલો! આહા! આવું ચાલે છે. આત્માને પહેલા જાણો. ચારિત્રને ન જાણો. પહેલા વ્યવહાર ચારિત્રને

નહીં નિશ્ચય ચારિત્રને ન જાણો. આસ્ત્રવ, સંવરને ન જાણો, જીવને જાણો. જીવને જાણવાથી ચારિત્ર સ્વયં પ્રગટ થઈ જાય છે.

મુમુક્ષુઃ- જીવના લક્ષે ચારિત્ર સ્વયં થઈ જાય છે.

ઉત્તરઃ- થઈ જાય છે. કરતો નથી.

મુમુક્ષુઃ- લોકો ચારિત્રના લક્ષે ચારિત્ર સમજવા માંગે છે.

ઉત્તરઃ- સમજવા માંગે છે. આહાહા! જીવને જાણીને જીવમાં ઠરવું તેનું નામ ચારિત્ર છે. આહાહા! શુદ્ધાત્માને જાણો પ્રથમ. તેમાં અંશે ચારિત્ર આવી જાશે. વિશેષ સ્થિરતા પછી આવશે. જાણ્યા વિના ઠરવું શેમાં?

મુમુક્ષુઃ- પહેલા દિવસે પધારીને આ જ વાત લીધી હતી. પ્રથમ આત્માને જાણો.

ઉત્તરઃ- તે આ. ચારિત્રની તમે કડાકૂટમાં રહેવા દયો. ચીકાશમાં રહેવા દયો. આને ચારિત્ર કહેવાય ને આને કુચારિત્ર કહેવાય ને આને વ્યવહાર ચારિત્ર, નિશ્ચય ચારિત્ર. પર્યાયને જાણવા કાં રોકાણા? આત્માને જાણો પ્રથમ. આપણે ચારિત્ર નથી કરવું, ચારિત્રના પિતાને જાણવા છે. બસ. ભગવાનઆત્મા પિતા છે ને? પર્યાયના પિતા છે. જેના આશ્રયથી ચારિત્ર પ્રગટ થાય છે, લીનતા, વીતરાગતા. વિતરાગમૂર્તિને જાણો ને? આહા! વીતરાગ પ્રતિમાના દર્શન કરો ને. આજે એક બોલમાં આવ્યું કે પંચ પરમેષ્ઠીને પોતાનું સ્વરૂપ જાણીને છોડે છે તે બરાબર નથી, એમ કાંઈક આવ્યું હતું.

મુમુક્ષુઃ- પહેલા પંચ પદને ભજે પછી નિજ પદને ભજ તો પંચ પદને ભજવાની એવું એ બોલ હતો. પોતામાં પંચ પદ આવી ગયા.

ઉત્તરઃ- પહેલા પોતાને ભજ તેમાં પંચ પરમેષ્ઠી આવી ગયા, એમ. બધા જ્ઞાનીનો એક મત છે. પ્રથમ શુદ્ધાત્માને જાણ. પ્રથમ ચારિત્રને જાણ એમ નથી. ચારિત્રના સ્વરૂપને અમારે જાણવું જ નથી, બોલી દેવું. કોઈ ત્યાગી બતાવે કે "બેસ! હું ચારિત્રનું સ્વરૂપ કહું છું". "ચારિત્રના સ્વરૂપને નથી જાણવું, આત્માના સ્વરૂપને આપ જાણતા હો તો બતાવો." બસ, ખુલ્લું બોલી દેવું. મારે તો આત્મા જાણવો છે. ચારિત્ર આપ રાખો. આપની પાસે ચારિત્ર રાખો મારે ચારિત્ર નથી જોઈતું, મારે તો આત્મા જોઈએ. તારે ચારિત્ર નથી જોઈતું? નથી જોઈતું. અમારે તો આત્મા જોઈએ છીએ, આત્માનું સ્વરૂપ બતાઓ.

મુમુક્ષુઃ- ચારિત્રનો બાપ જોઈએ.

ઉત્તરઃ- ચારિત્ર તો એક સમયની પર્યાય છે. આત્માના જ્ઞાન વિના ચારિત્રની પર્યાયનું સાચું જ્ઞાન થતું જ નથી. તેમાં ગોટાળો થાય છે.

મુમુક્ષુઃ- પ્રગટ નથી તો પછી જ્ઞાન કયાંથી થાય?

ઉત્તરઃ- બધા ભૂલી ગયા. આહાહા! આને વ્યવહાર ચારિત્ર કહેવાય, આને નિશ્ચય ચારિત્ર કહેવાય. અરે મુકને માથાકૂટ, પહેલા આત્માને જાણ ને? આત્માને જાણ્યો એટલે ચારિત્ર આવ્યું. બંધાયેલું છે. ચારિત્ર બંધાયેલું, કેવળજ્ઞાન બંધાયેલું. આત્માને જાણે પહેલા, કોલ કરાર. એગ્રીમેંટ. પરમિટ આપે છે કે જે આત્માને જાણે છે તેને ચારિત્ર નિયમથી આવશે જ, આવશે જ. અને કેવળજ્ઞાન આવશે જ આવશે. લાવશે નહીં.

મુમુક્ષુ:- આવશે, સ્વયં આવશે.

ઉત્તર:- હં.. સ્વયં આવશે.

મુમુક્ષુ:- કેવળજ્ઞાનની પર્યાય સલામ કરે છે

મુમુક્ષુ:- તેની વાતમાં પણ કેવી આમ અપૂર્વતા લાગે છે.

ઉત્તેર:- અપૂર્વતા લાગે. ભેદનું લક્ષ છોડી દે. અભેદ શું છે વસ્તુ તેને જાણ. હું કોણ છું? એમ જાણને પહેલા? આહાહા! ઊંધે રસ્તે છે બધાય. જીવને જાણવાનું છોડી અને ભેદ ને પ્રભેદ ને છ દ્રવ્ય ને નવતત્ત્વને જાણવા રોકાણો. છેવટે ચારિત્રની ચર્ચા કરવા માંડ્યો. આહા! જીવની ચર્ચા કર ને? ચારિત્રની ચર્ચા કરવા કર્તા જીવની ચર્ચા કર. જીવ કોણ છે? મારે તો તે સમજવું છે, બાપજી! ચારિત્ર વિના મોક્ષ નહીં થાય. નહીં થાય તો ઠીક છે, મને તો આત્મા સમજાવો, આપ આત્માને કાંઇ જાણો છો? નહીં બોલે, કાંઇ નહીં બોલે. આ ત્યાગ કરો, આ ત્યાગ કરો ચારિત્ર થઈ જશે, મોક્ષ થઇ જશે. આહા! ઊંધે રસ્તે બધા, કુસાધુ છે બધા.

મુમુક્ષુ:- મોક્ષ નથી જોઈતો, આત્મા જોઈએ છે.

ઉત્તર:- આત્મા જોઈએ છે અમને.

મુમુક્ષુ:- અમારા માની સાથે મુનિરાજ હતા ને તેની ચર્ચા થઈ ગઈ. અત્યારે.

ઉત્તર:- અત્યારે થઈ?

મુમુક્ષુ:- અત્યારે થઈ. તો મુનિરાજ બોલ્યા કે શુભ, આ શુભભાવ કરો, પૂજા, પૂજા, દાન, વ્રત, તપાદિ કરો તો તેનાથી તમારે સમ્યગ્દર્શન થઈ જાશે.

ઉત્તર:- સમ્યગ્દર્શન થઈ જાશે. અચ્છા!

મુમુક્ષુ:- તો શું કહ્યું? મારી મા બોલી કે એમ કેવી રીતે થઈ જાશે. કોઈના આશ્રયથી થાશે કે નહીં થાય? આત્માના આશ્રયથી થશે તે નક્કી કરો પહેલા. થાશે કે નહીં થાય? આમ કોઈ આત્માથી થાશે કે શુભભાવથી થાશે? તે બતાવો પહેલા નક્કી કરો.

મુમુક્ષુ:- તેમણે કહ્યું કે તેનાથી પણ થાશે અને તેનાથી પણ થાશે. તો અમારી મા બોલી નહીં આત્માના આશ્રયથી જ, એકથી જ થાશે, બેથી નહીં થાય. તો તે ચૂપ થઇ ગયા. મહારાજ ચૂપ થઈ ગયા.

ઉત્તર:- ચૂપ જ થાય ને? શુભભાવ-શુભભાવથી સમ્યગ્દર્શન થાય કાંઈ? તે પાકી છે.

મુમુક્ષુ:- તે બહુ પાકી છે, કોઈનાથી ડરે નહીં. નીડર છે એકદમ.

ઉત્તર:- ડરે નહીં નીડર છે. એવી આ વીર્યવાન નથી, તે તો વીર્યવાન છે. આ જરા ઢીલી છે. લોકો અંધારામાં છે. આહાહા!

મુમુક્ષુ:- તે ત્યાગી નકામાં છે.

ઉત્તર:- ત્યાગીને કાંઇ ખબર નથી. ધર્મનો ત્યાગ છે. ધર્મનો ત્યાગ તેને ધર્મીની કયાંથી ખબર હોય? ધર્મ છોડ્યો તે ધર્મીને ક્યાંથી જાણે? જેને ધર્મનો ત્યાગ હોય તે ધર્મીને ક્યાંથી જાણે? આહાહા! જેની દશામાં ધર્મ પ્રગટ થઇ ગયો છે તે ધર્મી જાણે. ધર્મીને જાણે. તે ધર્મીને બતાવે બીજાને. આ ધર્મી છે. બહુ અંધારું છે તમારા દેશમાં તો. "ત્યાં રહેવા જેવું નથી", આ બોલે છે.

પૂર્ણાહુતિમાં એ પંડિતજી કૌંસ કરીને ચારિત્રનું સ્વરૂપ બતાવે છે. ચારિત્રનું સાચું સ્વરૂપ શું છે, સમજ્યા? આ રીતે અહી એમ બતાવ્યું કે: આત્મા પરદ્રવ્યને અપોહે છે, પરદ્રવ્યોને છોડે છે, અર્થાંત ત્યાગે છે, પરદ્રવ્યને પરભાવને બધું લઈ લેવું. છોડે છે, રાગને છોડે છે વગરે લઈ લેવાનું. આત્મા પરદ્રવ્યને અપોહે છે અર્થાત્ ત્યાગે છે-એ વ્યવહાર કથન છે. તેમાં કોઈ માલ નથી. ચારિત્ર નથી.

મુમુક્ષુ:- તે તો વ્યવહારી લોકોનો વ્યવહાર છે.

ઉત્તર:- વ્યવહારી લોકોનો વ્યવહાર છે. આ વ્યવહારી લોકો એમ કહે છે કે આને ત્યાગો, આને ત્યાગો તે વ્યવહાર કથન છે, વ્યવહારનય નથી. વ્યવહારનયનું એક કથન છે કે આને છોડો. સમજ્યો?

મુમુક્ષુ:- પરવસ્તુને અને રાગને,

ઉત્તર:- છોડો. તેમ વ્યવહારીજન કહે છે. સમજ્યા? ઉપદેશ દયે છે. બીજી અંદરની વાત હવે. આત્મા જ્ઞાનદર્શનમય એવા પોતાને ગ્રહે છે, ગ્રહે છે એટલે કે એને જાણે છે, તેમાં ઠરે છે, તેમાં લીન થાય છે. સમજી ગયા? એમ કહેવામાં પણ સ્વ-સ્વામીઅંશરૂપ વ્યવહાર છે. આહાહા!

શુધ્દ્ધાત્મા તે ચારિત્રનો આશ્રય છે. એટલે શુધ્દ્ધાત્મામાં લીન થાવું, પર્યાય લીન થાય તેનું નામ ચારિત્ર છે તેમ આત્મા આત્માને ગ્રહે છે, આત્મા આત્મામાં લીન થાય છે તેમાં સ્વ-સ્વામી સંબંધનો વ્યવહાર છે. આ આત્મા તે સ્વ અને હું તેનો સ્વામી તેમાં લીન થવું તેવો જે ભેદ ઊઠે છે તે વ્યવહાર કથન છે, તે ચારિત્ર નથી. ત્યાગે છે તે તો અસદભૂતવ્યવહાર છે અને આ સદભૂતવ્યવહાર તેનો પણ નિષેધ છે. આત્મા આત્માને ગ્રહે છે, આહાહા! તો બે વસ્તુ થઈ ગઈ. આત્મા આત્માને ગ્રહણ કરે છે તે તો બે વસ્તુ છે. બે વસ્તુ તો છે નહીં. આત્મા તો એક જ છે. કોણ કોને ગ્રહે, કોણ કોને જાણે, કોણ કોને શ્રધ્દ્ધે.

મુમુક્ષુ:- કયો આત્મા કયા આત્મામાં સ્થિર થાય છે?

ઉત્તર:- (આત્મામાં) સ્થિર થાય છે, આત્મા તો એક જ છે. માટે તે તો સમજાવવાનું કથન છે. બાકી સ્વ-સ્વામી સંબંધનો વ્યવહાર તેમાં ચારિત્ર નથી, સાધ્યની સિધ્દ્ધિ નથી. તો પછી શું કરવું હવે ચારિત્ર માટે? તેનો વિસ્તાર આવશે.

અપોહક અપોહક જ છે-એ નિશ્ચય છે. અપોહક એટલે પરના અભાવસ્વભાવે આત્મા રહેલો છે. પરિણામ માત્રના અભાવ સ્વભાવે આત્મા રહેલો છે. પરિણામ માત્ર પરદ્રવ્ય છે તેના અપોહક એટલે પરના ત્યાગ સ્વરૂપ જ છે. હવે ત્યાગસ્વરૂપ છે તેને શું ત્યાગો તમે? પરિણામના અભાવ-સ્વભાવે છે આત્મા, શુભાશુભભાવના અભાવ સ્વભાવે છે તો શુભાશુભભાવનો ત્યાગ કેવી રીતે કરાય? તેનો તો આત્મામાં અભાવ છે. સદ્‌ભાવ હોય તો ત્યાગ કરાય, અંદર ગ્રહણ કર્યું હોય તો ત્યાગ કરાય, તે તો ગ્રહણથી શૂન્ય છે.

અપોહક તો અપોહક એટલે કે પરભાવના અભાવ સ્વભાવે આત્મા રહેલો છે. એમ જ્યારે લક્ષમાં આવે અને લીન થાય ત્યારે તેને પરમાત્મા ચારિત્ર કહે છે. અપોહક તો અપોહક એટલે કે પરના ત્યાગ સ્વરૂપે જ આત્મા છે અનાદિઅનંત. આહાહા! અપોહક તો અપોહક છે એટલે કે પરના

ત્યાગ સ્વરૂપે જ આત્મા અનાદિઅનંત રહેલો છે. જ્ઞાનમય છે આત્મા. અજ્ઞાનના અભાવ સ્વભાવે રહેલો છે. મિથ્યાદર્શનના અભાવ સ્વભાવે આત્મા રહેલો છે. તો મિથ્યાત્વનો ત્યાગ ન કરી શકાય. જેનો જેમાં અભાવ હોય તેનો ત્યાગ કેવી રીતે કરવો? જેમાં જેનો સદ્‌ભાવ હોય તેને તો છોડો તમે.

મુમુક્ષુ:- ત્યાગની બુદ્ધિમાં તેણે સદ્‌ભાવ જ માન્યો છે.

ઉત્તર:- હં... એને આત્મામાં રાગ થાય છે અને હવે રાગને છોડુ. તે ચારિત્ર નથી, મિથ્યાત્વ છે. અપોહક અપોહક છે એટલે આ આત્મા જ્ઞાનમય છે તેમાં રાગનો પ્રવેશ પણ થયો નથી. તો તમે રાગને હું છોડુ તો ચારિત્ર થાય, સમજી ગયા? રાજપાટ છોડુ તો ચારિત્ર થાય એમ છે જ નહીં. તે ચારિત્રની વ્યાખ્યા જ નથી. પરના અભાવ સ્વભાવે જ્ઞાનમય આત્મા રહેલો છે એમ જયાં જ્ઞાયકનું લક્ષ થયું અને લીન થયો તો અપોહક તો અપોહક જ છે. પરના અભાવ સ્વભાવે અનાદિ અનંત રહેલો છે. શરીરના અભાવ સ્વભાવે, કર્મના અભાવ સ્વભાવે, ભાવકર્મના અભાવ સ્વભાવે, એક સમયની પર્યાયના અભાવ સ્વભાવે રહેલો છે, આહાહા! તેણે પર્યાયને ગ્રહણ જ નથી કરી તો પર્યાયને છોડે કોણ? આહાહા! અને પારિણામીકભાવને ગ્રહવું હોતું નથી.

મુમુક્ષુ:- કેમકે તે તો હું જ છું.

ઉત્તર:- કેમકે તે તો હું જ છું. આહાહા! બહુ અલૌકિક વાત ચારિત્રની છે. હવે તેનો વિસ્તાર. સ્વ સ્વામી અંશરૂપ વ્યવહાર છે; 'અપોહક અપોહક જ છે' - એ નિશ્ચય છે. આ છે તે વ્યવહાર, આ બધી વ્યવહારની વાત છે, અહિયાં સુધી નિશ્ચયની, જ્ઞાન દર્શન ચારિત્રનો નિશ્ચય અહીં પૂરો થયો. અહિયાં. શું લેવું છે? આ છેલ્લું લીધું આ. મિથ્યાત્વ પુષ્ટ થાય છે. બેન! બહુ અંધારું છે. ઘણું અંધારું. આહાહા!

આ તો કોઈ એને કરુણા આવી ગઈ, ૪૫ વર્ષ સુધી, કોઈ ન સમજ્યા, કોઈએ વિરોધ કર્યો તો પણ તેમણે પોતાની વાત ચાલુ રાખી. ભલે વિરોધ કરે પણ કોઈક તો સમજશે ને? કોઈક તો સમજશે ને? કોઈક તો સમજશે ને? એમ. કોઈ તો પાત્ર નીકળશે ને? અમારી વાત સાંભળવા માટે. ઘણા જીવ નીકળ્યા. બાકી તમારે ત્યાં તો અંધારું છે. તેમાંય બહારનો ત્યાગ જોઈને ઠગાય છે, છેતરાય છે. છેતરાય છે તે શું? ઠગાય છે? બહારનો ત્યાગ જોઈને, આહાહા! ઠગાય જાય છે.

આ ખપે, આ નહીં ખપે. આ ચાદરનું તો મિલમાં કપડું થયું છે, મિલમાં કપડું થયું તો દૂષિત છે, સમજ્યો? તે ચલી નું કપડું, ચટાઈ ઉપર બેસવું જોઈએ. શું? ચટાઈ ઉપર બેસવું જોઈએ. કપડાં ઉપર બેસવું ન જોઈએ. આહાહા! આ ખાવું જોઈએ, આ ન ખાવું જોઈએ. તેની મર્યાદા પૂરી થઈ ગઈ, મર્યાદા બહાર ટાઇમ થઈ ગયો, અમને નહીં ખપે. અચ્છા! તને નહીં ખપે, ઠીક છે. તને આત્મા નથી ખપતો, સાંભળ તો ખરા!

મુમુક્ષુ:- અને ખરેખર તેમાં ને તેમાં તેની બુદ્ધિમાં તેનું જ્ઞાન જાડું થઈ ગયું છે, બુઠ્ઠું થઈ ગયું છે.

ઉત્તર:- જ્ઞાન બિડાઈ જાય છે. અજ્ઞાન થતું જાય. જ્ઞાન બિડાઈ જાય છે.

મુમુક્ષુ:- સ્થૂળ થઈ જાય છે. આત્માને પકડવાની તાકાત નથી રહેતી.

ઉત્તર:- આ બહારનો ત્યાગ જોઈને બ્રહ્મચારી બે કપડા જ પહેરે છે અને કોઈ પૈસા હાથમાં

રાખતા નથી અને ખુલ્લા પગે ચાલે છે. અચ્છા! અને બરાબર હાથ પગ ધોઈને જમે છે, જમવાના ટાઇમે હાથ પગ ધોવે છે તો જ જમે છે. અચ્છા! અને કપડાં બદલીને જમે છે. તે ચાલુ કપડાં નહીં જમવાના કપડાં અલગ હોવા જોઈએ. અહાહા! બોલો! આહાહા! જેને ભેદજ્ઞાનની પ્રધાનતા છે તેને પરદ્રવ્યની પરવાહ નથી. અંદરમાં ભેદજ્ઞાન ચાલે છે.

સમાપ્ત.

ૐ